# તમે સગાઇ કરો તે પહેલાં

# Before You Get Engaged

તમારું જીવન આગ નહીં,

પણ બાગ બને, એ માટે

હાર્દિક શુભેચ્છાઓ સાથે

સપ્રેમ....

*From* ........................................

........................................

........................................

શાંતિથી વાંચજો... વિચારજો....

અને પછી આગળ....

## ꕥ અનુક્રમણિકા ꕥ



| SUBJECT | PAGE |
|---|---|
| (૧) શું જોશો ? બ્યુટી ? વેલ્થ ? કે એજ્યુકેશન ? | ૩ |
| (૨) પ્રસન્નતાની પરબ... Positive energy. | ૮ |
| (૩) સુખ કે દુઃખ ?... Your choice. | ૧૦ |
| (૪) Heaven or Hell ? પસંદ તમારી. | ૧૩ |
| (૫) મોડર્ન કે ઓર્થોડોક્સ... તમારી ઈચ્છા. | ૧૮ |
| (૬) Stop, Watch & go. | ૨૫ |
| (૭) Relation with fair-skin. | ૨૭ |
| (૮) City or village ? | ૨૯ |

આ પુસ્તક નથી,

પણ તમારા એક સ્નેહી મિત્રનો

પ્રેમપૂર્ણ ઉપહાર છે.

જે નથી ઈચ્છતો

કે તમારી એક ભૂલ

જીવનભરની સજા બની જાય.

# શું જોશો ?
## બ્યુટી ?.... વેલ્થ ?.... કે એજ્યુકેશન ?....

''શું વાત કરે છે ? મને લાગે છે કે તું પાગલ થઈ ગયો છે. યુનાઈટેડ સ્ટેટ્સની છોકરી સાથે તારા એન્ગેજમેન્ટ થયા અને તે ત્યારે જ કહી દીધું, કે એને પ્રતિક્રમણ, સ્મરણ... હં.. શું બોલ્યો' તો તું ?''

''યસ, જ્યારે એને પંચપ્રતિક્રમણ, નવસ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અને છ કર્મગ્રંથ આવડી જશે, પછી અમારા મેરેજ થશે.''

''વ્હોટ અ નોનસેન્સ. તારે એ અમેરિકન છોકરીને કુંવારી જ રાખવી લાગે છે. ને તું ય કુંવારો જ રહીશ, બરાબર ને ? બાય ધ વે, અત્યારે એનો કેટલો સ્ટડી થયેલો છે ?''

''નવકાર, ઓન્લી નવકાર.''

''પતી ગયું, તું પરણી રહ્યો.''

* * * * *

''હલ્લો જીમિત, મને હમણાં જ તારું વેડિંગ કાર્ડ મળ્યું છે. કોન્ગ્રેચ્યુલેશન્સ, તને એક ક્વેશ્ચન કરી શકું ?... શું આ એ જ છોકરી છે, જેની સાથે તે ગયા વર્ષે...''

''યસ''

''તો શું તે તારી કન્ડીશનમાં કોમ્પ્રોમાઈઝ કરી લીધું.''

''નો, નોટ એટ ઓલ.''

''તો શું બાર મહિનામાં એ છોકરીનો આટલો સ્ટડી થઈ ગયો ?''

''અફકોર્સ યસ, એ શક્ય હતું અને મને એની ખબર હતી. તું ટ્રાય કરે, તો તારો પણ એટલો સ્ટડી થઈ જાય, એ પણ એટલા જ ટાઈમમાં.''

''ઓકે યાર, તું જીત્યો, પણ તે જીતીને શું મેળવ્યું, એ મને સમજાતું નથી ?''



''ડોન્ટ વરી, એ સમજાવું પણ શક્ય છે. નાઉ લીવ ધીસ મેટર. મેરેજમાં ખાસ આવી જજે. ફેમિલી સાથે.''

''સ્યોર, આ પણ કોઈ કહેવાની વાત છે ?''

* * * * *

''જીમિત, જેની સાથે હું દિલ ખોલીને વાત કરી શકું, એવો તું એક જ છે. આજે તને ઘરે બોલાવ્યો છે, તેનું આ જ કારણ છે. મમ્મી-પપ્પા ઉપધાન કરવા ગયા છે. અને એ રાખડી બાંધવા એના પિયરે ગઈ છે.

જીમિત, હું એટલો દુઃખી થઈ ગયો છું, કે મરી જવાના વિચાર આવે છે. એનો સ્વભાવ ડચ્ચર છે. સાવ ડચ્ચર. આખો દિવસ મમ્મી સાથે ઝઘડે છે. નજીવી વાતમાં રડવા લાગે છે ને જોર જોરથી બોલીને આખા એપાર્ટમેન્ટને ગજવી દે છે. રાતે હું થાક્યો પાક્યો ઘરે આવ્યો હોઉં, થાક, ધંધાના ટેન્શનો, આરામની સખત જરૂર... આ કશું એને દેખાય નહીં, અને મારે એક ને દોઢ વાગ્યા સુધી એની ફરિયાદો સાંભળ્યા કરવી પડે. બસ, મશીનગનની જેમ એ બોલતી જ જાય. મને કાંઈ બોલવાની તક જ ન આપે. ઘણી વાર એમ થાય, કે ઘરે પાછો જાઉં જ નહીં, પણ ઘરે ન જાઉં તો ક્યાં... આટલી હાઈ-લી એજ્યુકેટેડ છે, પણ કોઈ મેનર કે કોમનસેન્સ કે વિવેક જેવું કાંઈ...

પડોશણ પાસે એ કાંઈ જોઈ આવે કે ટી.વી. કે છાપામાં કાંઈ જોઈ લે, એટલે હું મરી ગયો. એને એ વસ્તુ લાવી આપે જ છૂટકો. નહીં મોંઘવારી જોવાની, નહીં મંદી જોવાની, નહીં મારી કેપેસિટીનો વિચાર કરવાનો. ઘરના કામો રઝળતા હોય ને એ એના મેક-અપ ને ટાપટીપમાંથી ઊંચી જ ન આવતી હોય. એને કાંઈ કહેવાનું જોખમ પણ કોણ લે ?

જીમિત, તું પ્રાઈવસી રાખશી, એની મને ખબર છે. માટે જ કહું છું. એ 'નેટ' પર કલાકો ગાળે છે. ને એ શું કરે છે, એ ગુપ્ત રાખવા માટે એ ખૂબ એલર્ટ હોય છે. આમ પણ એની રૂમના બંધ બારણાને ખટખટાવવાની કોઈની હિંમત હોતી નથી. એ શોપિંગના નામે બહાર જાય, તો ક્યારે પાછી આવે એનો કોઈ ભરોસો નહીં. શું કહું તને ? હું એના માટે એક સાધન છું. ફક્ત એક સાધન. જે એની શરીરની, મનની ને પૈસાની ભૂખ સંતોષી શકે...''

જીમિત, આવી રૂપાળી ને એજ્યુકેટેડ વાઈફ મળવા બદલ હું મારી જાતને લકી સમજતો હતો. પણ હવે સાચું કહું, તો એની સામે જોવું પણ નથી ગમતું, એને જોતાં જ મને ઘૃણા થઈ આવે છે. કદાચ એ મારા માટે દુનિયાની સૌથી કદરૂપી વ્યક્તિ છે અને એજ્યુકેશન ? માય ફૂટ, એના કરતા તો કોઈ અભણ સારી... જડતાની પણ કોઈ હદ હોય છે.... કંટાળી ગયો છું હું એનાથી.. ને મારા જીવનથી.

જીમિત વર્ષો પછી એના ક્લોઝ ફ્રેન્ડને રડતાં જોઈ રહ્યો હતો. જીમિતને લાગ્યું કે જો બધાની પાસે કોઈ 'જીમિત' હોય, તો બધા આમ રડી પડે. લગભગ બધા. મેચ્યોર્ડ પર્સન્સ પણ. જીમિત પણ ગળગળો થઈ ગયો. એ હજી ચૂપ હતો, પણ એના આંસુ એના ફ્રેન્ડને ખૂબ સહાનુભૂતિ આપી રહ્યા હતા.... થોડી ક્ષણો એમ જ વીતી ગઈ, ને હવે જીમિતના હોઠ ફરક્યા...

''નીશુ, પાંચ વર્ષ પહેલા તને મારી વાત ન'તી સમજાતી, એ હવે સમજાઈ જશે. મારી લાઈફ ખૂબ ખૂબ સુખી છે. એનું મેઈન રિઝન એ છે કે મારી વાઈફ એકદમ પોઝિટીવ છે. મમ્મી-પપ્પાને એ કહેવા પૂરતા નહીં પણ હૃદયથી મમ્મી-પપ્પા માને છે. મમ્મીમાં થોડા માઈનસ હતાં, પણ એનું વલણ ને એની સેવા જોઈને મમ્મી એના પર ઓવારી ગઈ. ઓફિસથી ઘરે આવું ને મને એવી ફરિયાદો સાંભળવા મળે, કે મારો આખા દિવસનો થાક ઉતરી જાય, મમ્મી કહે કે 'એ આરામ નથી કરતી' ને એ કહે છે કે 'મમ્મીને કહી દો કિચનમાં ન આવે. આખી જિંદગી એમણે ઘણું કામ કર્યું છે, હવે એમની આરામ કરવાની ઉંમર છે.'

નીશુ, તું સાચું માનીશ ? આજ સુધીમાં એણે પોતાની જાત માટે કાંઈ પરચેસ નથી કર્યુ. જે લીધું છે, એ મારા આગ્રહથી લીધું છે. પાલીતાણામાં હું એને ફોર્સ કરીને માર્કેટમાં લઈ ગયો હતો, ત્યાં એક સાડી લેવા માટે એને કેટલું કહ્યું, એનો એક જ જવાબ હતો, કે જરૂર નથી. છે એટલી ય ઘણી છે. મેં એને ભારપૂર્વક કહ્યું, કે 'ભલે તું કદી પહેરતી નહીં, પણ લઈ લે.' ને એ સાડી લેવા તૈયાર થઈ. ફક્ત મારું મન રાખવા માટે.

નીશુ, એની નજર ટી.વી. કે 'નેટ' પર નહીં પણ ઘરના કાર્યો પર



હોય છે. ઘરમાં એણે બધાંના દિલ જીતી લીધા છે. નવરાશના સમયે એ છાપા નહીં, પણ ધાર્મિક પુસ્તકો વાંચે છે, મને સતત એવો અનુભવ થાય છે કે આવું આદર્શ વર્તન અને સ્વાધ્યાય - આ બંનેથી એના ગુણોમાં ભરતી આવી રહી છે. પ્રસંગે પ્રસંગે એની ઉદારતા, સહનશીલતા, નિઃસ્પૃહતા, સંતોષ... વગેરે ગુણો આંખે ઉડીને વળગે છે.

નીશુ, બિલિવ ઓર નોટ, એના બહારની દુનિયાના કોઈ વ્યવહાર જ નથી. એ આત્મસંતુષ્ટ છે. ટોટલી સેલ્ફ-સેટીસફાઈડ. એને ખુશ થવા માટે કોઈ વસ્તુની જરૂર નથી. એ ઓલરેડી ખુશ જ છે. ને એના કારણે મારું ઘર સ્વર્ગ બની ગયું છે.

નીશુ, મેરેજ પછી અમુક બેઝિક ધાર્મિક એક્ટીવિટીસ માટે મેં એને સગાઈ પહેલા કન્વિન્સ કરી હતી. અને તેના માટે પણ ધાર્મિક સ્ટડી જરૂરી હતો. એણે પંચ પ્રતિક્રમણ વગેરેનો અર્થ સાથે અભ્યાસ કર્યો છે, એટલે એનો સ્ટડી રિયલ અને ડીપ થયો છે. મોડર્ન સાયન્સ પણ મંત્રાક્ષરોની ઈફેક્ટીવનેસને સ્વીકારે છે. પંચપ્રતિક્રમણ અને નવસ્મરણની પવિત્રતાએ અમારા ઘરને અને અમારા મનને પવિત્ર કરી દીધું છે. 'જીવવિચાર' ભણવાથી એનામાં દયા અને કરુણા દેખાઈ રહ્યા છે. એ કીડીને પણ 'સમજે' છે, ને મમ્મીને પણ. 'નવતત્ત્વ' ભણવાથી એ યુનિવર્સલ ટ્રુથને સમજી છે. એનાથી એની મેનર્સ અને નોબલિટી કંઈક અલગ જ છે. બીજા પ્રકરણોના જ્ઞાનથી એની શ્રદ્ધા સ્ટ્રોંગ બની છે. ભાષ્યોના અભ્યાસથી એની ધાર્મિક એક્ટિવિટીસ એક્ચ્યુઅલ બની છે. એનાથી એની પૂજા વગેરે એને તો પ્રસન્ન કરે જ છે. એ બધું જોઈને અમને પણ રિસ્પેક્ટ થાય છે. કર્મગ્રંથોના સ્ટડીથી એને કર્મસિદ્ધાન્તનું માઈક્રો-નોલેજ મળ્યું છે. એનાથી સીધું રિઝલ્ટ એ મળ્યું છે, કે 'કમ્પ્લેઈન' શબ્દ એની ડિક્શનેરીમાં જ નથી ને સહનશીલતા એ એનો નેચર બની ગયો છે. કોઈને પણ દુઃખ થાય એવું એ કરતી તો નથી જ, બોલતી પણ નથી.

મેરેજ પછી પણ ફ્રી-ટાઈમમાં એનો સ્ટડી ચાલુ છે. સ્ટાર્ટિંગમાં એણે 'શ્રાદ્ધવિધિ' ગ્રંથનો અભ્યાસ કર્યો. એનાથી એની લાઈફ-સ્ટાઈલ રિયલ અર્થમાં રિચ બની છે. પ્લસ એની વ્યવહારકુશળતા વધી ગઈ છે. હમણા છેલ્લે છેલ્લે

એણે 'જ્ઞાનસાર'નો સ્ટડી કર્યો છે. મારો પોતાનો અનુભવ કહું તો એનાથી એની પર્સનાલિટી હાઈ-લી ક્વોલિફાઈડ થઈ ગઈ છે. એ જ્યાં હાજર હોય, એની આજુ-બાજુના વાતાવરણમાં કોઈ અલગ જ પ્રસન્નતા અને તાજગી અનુભવાય છે. મને લાગે છે કે વૈજ્ઞાનિકો જેને પોઝિટીવ એનર્જી કહે છે, તે આ જ છે.

નીશુ, મારે તને માત્ર વન સાઈડની વાત નથી કરવી. સ્ટડીથી આવું રિઝલ્ટ મળે જ એવું જરૂરી નથી. સ્ટુડન્ટમાં અમુક યોગ્યતા પણ જોઈએ. એનું ઓરિજીન પણ કંઈક પોઝિટીવ જોઈએ. જે મારી વાઈફમાં હતું. મારી અઘરી લાગે એવી કન્ડિશન પણ એણે પોતાના અને અમારી મેરીડ-લાઈફના હિતમાં છે એમ સમજીને સ્વીકારી, એ જ એની યોગ્યતાનું પ્રુફ હતું. હા, આ બધા સ્ટડીથી એવી કંઈક યોગ્યતા આવે, એવા ચાન્સિસ પણ ખરા. પણ તું જેને હાઈ-એજ્યુકેશન કહે છે, એમાં આવો કોઈ સ્કોપ જ નથી. ને એમાં કોઈ પોઝિટીવ રિઝલ્ટનું એક્સ્પેક્ટેશન રાખી શકાય તેમ નથી. એનો અનુભવ તને થઈ જ ગયો છે.

નીશુ, લગ્ન જીવન નથી 'રૂપ' થી ચાલતું, નથી 'પૈસા'થી ચાલતું કે નથી 'સ્કુલ-કોલેજ'ના 'એજ્યુકેશન'થી ચાલતું. પણ સદ્‌ગુણોથી ચાલે છે. ખરી બ્યુટી પણ આ જ છે, ખરી વેલ્થ પણ અને ખરું એજ્યુકેશન પણ. તારા માટે હવે કદાચ સમય જતો રહ્યો છે. છતાં પણ આશા અમર હોય છે. તું પ્રયાસ કરી શકે, તો સુખનો માર્ગ આ જ છે, તારા માટે પણ અને એના માટે પણ.

* * * * *

*શાક બગડે તો દિવસ બગડે*
*અને અથાણે બગડે વર્ષ ।*
*બૈરી બગડી એનો ભવ બગડ્યો*
*અધર્મે બગડે સર્વ ॥*



# પ્રસન્નતાની પરબ

## Positive Energy

''સાહેબજી, આપને એક પર્સનલ વાત કરવી છે. ક્યારે આવું ?'' મુંબઈ-ભાયખલામાં એક ચોવીશ વર્ષના યુવાને મને પ્રશ્ન કર્યો. મેં આપેલા સમયે એ આવ્યો અને એણે પોતાની વાત કરી.

''મહારાજ સાહેબ ! ચાર મહિના પહેલા મેં મેરેજ કર્યા છે. લવ મેરેજ. મારા અને એના બંનેના ઘરનો વિરોધ હતો. એના ઘરથી સંબંધ સાવ તૂટી ગયો ને પછી મેરેજ થયા. ધાર્મિક હું પણ નથી ને એ પણ નથી. એ પહેલા દેરાસર જતી હતી, પણ પછી એણે દેરાસર જવાનું છોડી દીધું. એ કહે છે, ભગવાન કંઈ દેતા નથી.

આ તો ફક્ત ભૂમિકાની વાત છે, અમારી તકલીફ એ છે કે અમારી વચ્ચે રોજ ભયંકર ઝઘડા થાય છે. અમુક એની પણ ભૂલ હોય છે અને અમુક મારી પણ ભૂલ હોય છે. ઝઘડામાં અમે બંને ખૂબ ગુસ્સામાં હોઈએ છીએ. ન બોલવાનું બોલી દઈએ છીએ. આખું વાતાવરણ તંગ થઈ જાય છે. એ હંમેશા ઝઘડામાં છૂટાછેડાની ધમકી આપે છે.

સાહેબજી, થોડો ચેન્જ મળે અને થોડું મનોરંજન થાય, એ માટે અમે થિયેટરમાં જઈએ છીએ. પણ એનાથી અમારા ઝઘડા વધી જાય છે. એને હીરો ગમે છે, મને હિરોઈન ગમે છે. પછી અમને એક-બીજા ગમતા નથી. આ ઈનર રિઝન છે. એનાથી બહારની વાતમાં વજૂદ હોય કે ન હોય, અમે ઝઘડી પડીએ છીએ.

મહારાજ સાહેબ ! હું ખરેખર ત્રાસી ગયો છું. હજી તો ચાર જ મહિના થયા છે ને ... આખી જિંદગી... હું નથી એને ડાયવોર્સ આપી શકું એમ, ને નથી એની સાથે જીવી શકું એમ. ડાયવોર્સ લઈને એ જશે ક્યાં એ ય પ્રશ્ન છે. ડાયવોર્સ પછી અમે સેકન્ડ મેરેજ કરીએ, ત્યારે અમારે કોમ્પ્રોમાઈઝ

જ કરવું પડશે, ઘણું મોટું કોમ્પ્રોમાઈઝ. અત્યારે આ પ્રોબ્લેમમાં નથી હું ઘરમાં શાંતિથી રહી શકતો કે નથી દુકાનમાં ધ્યાન આપી શકતો. મારે શું કરવું ?''

એક નવયુવાન એના લવ-મેરેજની ટ્રેજેડી મારી પાસે લઈને આવ્યો હતો. એની લાચારી ને એનું દુઃખ જોઈને હું હલબલી ગયો. પોઝિટીવ એનર્જી ન એની પાસે હતી ન એની નવવધૂ પાસે. ને પૈસા આપીને નેગેટીવ એનર્જી લઈ આવવાની ભૂલ તેઓ નિયમિત કરી રહ્યા હતા. ટી.વી., વિડિયો, નેટ, છાપાં, મેગેઝિન્સ, ખરાબ સોબત, સિનેમા આ બધાં નેગેટિવ એનર્જીના સ્રોત છે. જેનાથી શરીર અને મનમાં જાત-જાતના વિકારો જાગે છે. ક્રોધ પર કન્ટ્રોલ નથી રહેતો. કામ-વાસના ખૂબ ભડકી ઉઠે છે. જેન્ટલનેસ ઓછી થતી જાય છે. અપેક્ષાઓ અને આકાંક્ષાઓ માઝા મુકે છે, ને આ બધા પરિબળો જીવનમાં એક પછી એક હોનારતોને લાવતા રહે છે.

પોઝિટિવ એનર્જી એ સુખી જીવનનો એક માત્ર સોર્સ છે. સામાયિક, પૂજા, સ્વાધ્યાય, પ્રવચનશ્રવણ આ બધા પરિબળો પોઝિટીવ એનર્જી આપે છે. એનાથી મન પ્રફુલ્લિત રહે છે. શરીર સ્વસ્થ રહે છે. સ્વસ્થ શરીર અને સ્વસ્થ મનથી વ્યવસાયિક અને વ્યવહારિક જવાબદારીઓ પણ સારી રીતે નિભાવી શકાય છે. જો એ યુવાને આવી પોઝિટીવ એનર્જી ધરાવતી કન્યાનો આગ્રહ રાખ્યો હોત. તો એની આવી દશા ન થાત.

* * * * *

|| सुखं धर्मात् ||

**સુખનો એક માત્ર સ્રોત છે ધર્મ.**



# સુખ કે દુઃખ ? *Your Choice*

''હલો, હું હર્ષદ બોલું છું. બે દિવસ પહેલા તમારા ઘરે માંગુ લઈને આવ્યો હતો તે, તમારો દિકરો ચોવિયાર કરે છે... એટલે... મારી દીકરીને નહીં ફાવે... સોરી...''

હર્ષદભાઈના થોડા મહિના ચિંતામાં પસાર થયા. વચ્ચે ત્રણ-ચાર છોકરા જોઈ લીધા. પણ મેળ ન પડ્યો. આખરે એક છોકરો સંબંધ કરવા તૈયાર થયો. દીકરીને પણ એ બરાબર પસંદ પડી ગયો. એ શોખીન હતો. રાતે હોટલ-લારીએ જમવાનો શોખીન. નવી નવી ફિલ્મો જોવાનો શોખીન.. વગેરે વગેરે. દીકરીને લાગ્યું કે આ છોકરો મારા માટે એકદમ બરાબર છે. મારું જીવન એની સાથે સુખી થશે. લગ્ન થઈ ગયા. દશ દિવસ પછી દીકરીનો ફોન આવ્યો, ''પપ્પા, હું સુખી છું, ખૂબ જ સુખી. બસ, મને જોઈતું'તું, એવું જ મળ્યું. મારી કોઈ ચિંતા કરતાં નહીં. એ મને ખૂબ સારી રીતે રાખે છે. ને એટલા જલસા છે કે...''

હા...શ... કરીને હર્ષદભાઈએ સોફામાં લંબાવ્યું. ચાલો, દીકરી સાસરે સુખી એટલે જંગ જીત્યા ને ગંગા નાહ્યા. દીકરીના બાળપણથી લઈને લગ્ન સુધીની સ્મૃતિઓમાં હર્ષદભાઈ ખોવાઈ ગયા.

* * * * *

''હલો, બેટા ! કેમ છે મજામાં ?'' બે મહિનાથી કોઈ સમાચાર ન હતા. માટે હર્ષદભાઈએ સામેથી ફોન કર્યો હતો. લગ્નના છ મહિના વીતી ગયા હતા. ને છેલ્લે છેલ્લે જે કોલ થયા હતાં, તેમાં દીકરીએ ખાસ ઉમળકો ન'તો દાખવ્યો. ''બેટા, તારો અવાજ કેમ આવો ધીમો ને અસ્પષ્ટ છે ? સાચું બોલ, કેમ ચાલે છે ?... અરે, તું રડે છે ?.. કેમ ? તને મારા સોગંદ છે. બોલ.''

દીકરી જવાબ આપી શકે, એની પહેલા ધ્રુસકે ધ્રુસકે રડી પડી. હર્ષદભાઈની ય આંખો છલકાઈ ગઈ. થોડા ડુસકા ને થોડું મૌન... હર્ષદભાઈ

આંસુ નીતરતી આંખે જવાબની રાહ જોઈ રહ્યા. ને સામેથી એ જ જવાબ આવ્યો. જેની શંકા હતી... ''પપ્પા, પહેલા બે મહિના બધું સ્વર્ગ જેવું લાગતું હતું, ને હવે બધું નરક જેવું લાગે છે. એમની ને આખા ઘરની અસલિયત સામે આવી ગઈ છે. એમનો સ્વભાવ બહુ ખરાબ છે. જરાક એમના અનુકૂળતા ન સચવાય, એટલે મને એવું એવું સંભળાવે છે... પપ્પા ! આવી નીચ ભાષા.. આવું અપમાન... છેલ્લા બે મહિનાથી એક દિવસ એવો નથી ગયો, જે દિવસે હું રડી ન હોઉં, ને પપ્પા, પ્લીઝ કોઈને કહેતા નહીં. ત્રણ મહિનાથી અમે સાથે ક્યાંય સિનેમા જોવા કે હોટલમાં નથી ગયા. પણ એ રોજ રાતે બહાર જાય છે. પહેલા કહેતા'તા 'ધંધાના કામે જાઉં છું.'' પછી કહેવા લાગ્યા, ''તને શું છે ? હું ગમે ત્યાં જાઉં, તું પૂછનારી કોણ ?'' પપ્પા, મને ખ્યાલ આવી ગયો હતો. કે એ કોઈ બીજાની સાથે... એક વાર એ બાથરૂમમાં હતાં. ત્યારે મેં એમનો ફોન રિસિવ કર્યો હતો, પપ્પા... એ દિવસે એમનો ખરો ચહેરો...

ઘરના બધાં એમના પક્ષમાં છે. મારું અહીં કોઈ નથી. સાસુએ તો જાણે મને રિબાવવાના સોગંદ લીધા છે. પપ્પા, આપણા ઘરે એક સ્ટીકર હતું ને ? 'બધાં વિના ચાલશે, પણ ધર્મ વિના નહીં ચાલે, અને ધર્મ એ જ જીવનનો આધાર છે.' મને હવે ઘડી ઘડી એ સ્ટીકર યાદ આવે છે. પણ એને સમજવામાં હું મોડી પડી ગઈ છું.. કા...શ...

પપ્પા, મને ખબર છે, હું પાછી આવીશ, તો તમે બધાં દુઃખી થઈ જશો, એટલે જ હું આ નરકમાં દિવસો કાઢી રહી છું. હું તો તમને આ વાત પણ ન'તી કરવાની, પણ તમે તમારા સોગંદ... પ્લીઝ, મારી ચિંતા નહીં કરતાં, મેં તો પોતે જ પોતાના પગ પર કુહાડો માર્યો છે, સહન થશે, ત્યાં સુધી કરીશ. પછી... ખબર નહીં, ને પપ્પા... મારી તમને ખાસ ખાસ રિક્વેસ્ટ છે, કાજલના એન્ગેજમેન્ટ ધાર્મિક છોકરા સાથે જ કરજો. પ્લીઝ, નહીં તો મારી બહેનનું જીવન પણ મારી જેમ..''

સોફા પર ઢગલો થઈને ઢળી પડેલા હર્ષદભાઈને એક બીજું સ્ટીકર યાદ આવવા લાગ્યું. 'રાત્રિભોજન એ નરકનું દ્વાર છે.'



(આપઘાતના ઘણા પ્રકાર હોય છે, જેમાંથી એક પ્રકાર આ છે. ધર્મથી પુણ્ય મળે ને પુણ્યથી સુખ મળે. આ પ્રોસેસ પર કદાચ જોઈએ એટલો વિશ્વાસ ન હોય, તો ય આટલું તો નજર સામે દેખાય છે. કે સુખ સદ્ગુણોમાં છે. અને સદ્ગુણો ધર્મમાં છે. સુખ માટે ધર્મને 'ના' કહેવી, એ જમવા માટે ભોજનને 'ના' કહેવા બરાબર છે. સુખી થવું હોય તો ધર્મી બનો અને સામે ધર્મનો આગ્રહ રાખો. નહીં તો દુઃખી થવા માટે...)

✳ ✳ ✳ ✳ ✳

**બધા વિના ચાલશે,**

**પણ ધર્મ વિના નહીં ચાલે**

**અને ધર્મ એ જ જીવનનો આધાર છે.**

# ❀ *Heaven or Hell ?* પસંદ તમારી ❀

''રિયા ! મેં સાંભળ્યું કે તે આર્ય માટે ના પાડી દીધી. ઈઝ ઈટ ટ્રુ ?'' ''હા.'' ''પણ, શા માટે ? એ તો કેટલો સારો છોકરો છે. તને એનામાં શું ખામી લાગી ?'' ''કંઈ નહીં.'' ''તો પછી... વ્હાય ?'' ''જો માનસી, એ રોજ સામાયિક કરે છે, ચૌદશે પ્રતિક્રમણ કરે છે અને આ ઉંમરે પણ ધરમનું ભણે છે. ભલે એ હેન્ડસમ છે, પણ એના કપાળમાં હંમેશા તિલક હોય છે. એટલે...'' ''એટલે શું ? આ બધી તો સારી વાત છે. આમાં માઈનસ પોઈંટ તો છે જ નહીં.''

''જો માનસી, મારે ધરમ કરવા માટે મેરેજ નથી કરવાના. અને જો આવો ધાર્મિક છોકરો દીક્ષા લઈ લે, તો પછી મારું શું થાય ?''

''રિયા, એના ડેઈલી શિડ્યુઅલમાં અમુક ધાર્મિક એક્ટીવિટીસ હોય, એનો મિનીંગ એ નથી કે તારી મેરીડ-લાઈફમાં ધર્મ સિવાય કાંઈ નહીં હોય, તું આટલું સ્ટુપિડ-થિન્કીંગ કરી શકે. એવું હજી મારા માનવામાં આવતું નથી. આપણને તો આપણા ધર્મનું ગૌરવ હોવું જોઈએ, અને એની બેઝિક એક્ટીવિટીસ આપણે કરવી જ જોઈએ. જે પોતાના ધર્મને વફાદાર હોય, એ જ પોતાની લાઈફ-પાર્ટનરને પણ વફાદાર રહી શકે.

ને રહી વાત દીક્ષાની, તો તારી આ વાત પર મને હસવું આવે છે. જો એને દીક્ષા જ લેવી હોય, તો એ મેરેજ શા માટે કરે ? તે કોઈ દીક્ષાર્થીને મેરેજ કરતા જોયો છે ? મને લાગે છે કે જે એક્ટીવિટીસ એકદમ બેઝિક અને જરૂરી છે. એને તે વધુ પડતી માની લીધી છે. અને એના લીધે તે આ બહુ મોટી ભૂલ કરી દીધી છે. હવે એના જેવો છોકરો તને...''

''માનસી...પ્લીઝ... લીવ ધીસ ટોક... મને નથી લાગતું કે મેં કોઈ ભૂલ કરી છે.''

* * * * *

''રિયા... તું ? કેટલા વર્ષો પછી મળી !!! ઓહ... તું કેટલી બદલાઈ



ગઈ છે ! ચાલ, મારું ઘર અહીંયા જ છે.'' ''આવ... બેસ... પહેલા નાસ્તો અને પછી બીજી વાત.''

''બોલ, કેમ છે તું ? મજામાં ?'' રિયા 'હા' કહેતાં નીચું જોઈ ગઈ. એના ચહેરાની રેખાઓ કહેતી હતી કે એ ખોટું બોલી રહી છે, સાવ ખોટું. માનસીએ એ પણ જોયું કે એ એનો ચહેરો છુપાવવાનો પ્રયાસ કરતી હતી ને પરસેવો લૂંછવાના બહાને એની આંખ લૂંછી રહી હતી. માનસી ન કહી શકાય, એવી પોઝિશનમાંથી પાસ થઈ રહી હતી. ન એ દિલાસો આપવા દ્વારા રિયાને ઉઘાડી પાડી શકે તેમ હતી, ને ન તો એની ઉપેક્ષા કરી શકે તેમ હતી. થોડી ક્ષણો એમ જ વીતી ગઈ. રિયાએ જરાક આંખ ઉઠાવીને માનસી તરફ જોયું. માનસીની આંખોમાં એને આત્મીયતા અને સહાનુભૂતિનો દરિયો ઉછળતો લાગ્યો. એ પોતાને રોકી ન શકી... એ માનસીને વળગી પડી, ને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. એના વર્ષોના દુઃખને આજે એ કોઈ પાસે અભિવ્યક્ત કરી રહી હતી.

માનસીનો હૂંફાળો હાથ એની પીઠ પર ફરી રહ્યો... ધીમે ધીમે એ શાંત થઈ ગઈ. ને ફરી એની આંખો ઢળી પડી. માનસી એને અંગત પ્રશ્ન પૂછવા ન'તી માંગતી, પણ રિયા પોતે એનું હૈયું ઠાલવ્યા વિના રહી શકે તેમ ન હતી. એના હોઠ ફરક્યા ને એના એક એક આંસુ જાણે બોલવા લાગ્યા...

''માનસી, યુ વેર રાઈટ.. મેં જે ભૂલ કરી, એની સજા હું ભોગવી રહી છું, ને બહુ ખરાબ રીતે ભોગવી રહી છું. તે મને સાચી સલાહ આપી, પણ એ મેં ન માની. મેં મારી પસંદના છોકરા સાથે મેરેજ કર્યા. એ પૂજા કરવા નહીં, પણ હુક્કાઘરમાં નિયમિત જતો હતો. એ ચૌદશનું પ્રતિક્રમણ તો ન'તો કરતો, એને ચૌદશ સાથે પણ લેવા દેવા ન'તી. યા તો એણે જિંદગીમાં સામાયિક કરી જ ન'તી, ને બાળપણમાં ક્યારેક કરી હોય, તો એ એને યાદ ન હતું. ધાર્મિક જ્ઞાનની બાબતમાં એ ઝીરો હતો.

માનસી, મેં ઘણી ડિટેઈલ્સ મેળવેલી. એ રાતે બાર-એક વાગ્યા સુધી બાઈક પર ફરતો રહેતો, એ સાયબર કેફેમાં પણ જતો, થિયેટર્સમાં પણ અને ક્લબમાં પણ. સમય મળે ત્યારે એ પોપ મ્યુઝિક સાંભળે ને જાત-જાતની

ચેનલ્સ જોયા કરે. બસ, મારે એવો જ પતિ જોઈતો હતો. રંગીન અને રસિક. ભલે ધરમ એને પાપી કહે. મારે તો જલસા જ કરવા હતા, ને એ આવા પતિથી જ શક્ય બને એવું હું માનતી હતી.

માનસી... અમારા મેરેજના પંદર-વીશ દિવસ પછીની વાત છે, એ રાતે બાર વાગે ઘરે આવ્યો. ત્યાં સુધી તો હું એની રાહ જોઈ જોઈને થાકી ગઈ હતી. મેં જોયું કે એની આંખો લાલઘુમ હતી. ને એના પગ લથડિયા ખાતા હતાં. હું એને હાથનો ટેકો આપીને બેડરૂમ સુધી લઈ ગઈ. ત્યાં તો એનું મોઢું ખુલ્યું ને ખૂબ ગંદી વાસ આવી. મારાથી બોલાઈ ગયું, ''રિસી, તે દારુ પીધો છે ?'' એણે મને જોરથી લાફો મારી દીધો. હું એકદમ હેબતાઈ ગઈ. હું તો ત્યાં જ બેસી પડી અને રડવા લાગી. એણે મારા વાળ પકડ્યા અને મને પગથી લાત મારતા મારતા મને ગંદી ગાળો સંભળાવવા માંડી. એ તો થોડી વાર પછી થાકીને સૂઈ ગયો, પણ હું આખી રાત રડતી રહી.

માનસી, જેમ જેમ સમય જતો ગયો, તેમ તેમ તેના વ્યસનો, તેનો સ્વભાવ, તેની નિષ્ઠુરતા અને તેની કુટેવોની મને જાણ થતી ગઈ. માનસી, દર બે-ત્રણ દિવસે એ મને ખૂબ મારે છે... એનો ગુસ્સો તો ખરાબ છે જ. એનો પ્રેમ પણ ભયાનક છે... સિગરેટ અને કટર વિના એ મને યુઝ કરતો નથી. હું વેદનાથી ચીસ પાડી ઉઠું, એટલે એ એક્સાઈટેડ થઈ જાય છે, મારું મોત... એની મજા... માનસી... મારી સ્થિતિ એવી થઈ ગઈ છે, કે કોઈ લેડી ડોક્ટર પાસે જતાં પણ મને શરમ આવે છે.

માનસી, મેરેજના સેકન્ડ ઈયરે અમારે એક હોટલમાં પાર્ટીમાં જવાનું હતું. એ પાર્ટીમાં લગભગ ૧૫ કપલ આવવાના હતાં, ને એમાં શું થવાનું હતું, એનો અંદાજ મને આવી ગયો હતો. હું એના પગે પડી. મે ખૂબ ખૂબ રિક્વેસ્ટ કરી, બદલામાં મને મળી ગાળો અને ઢોર માર. મારે જવું પડ્યું. એની તગતગતી આંખોએ મને ડ્રીંક લેવા તો મજબૂર કરી જ... પણ...

રિયા ફરીથી ધ્રુસકે ધ્રુસકે રડી પડી. માનસીને બાકીની વાતનો અંદાજ આવી ગયો. કયાં શબ્દોમાં એને આશ્વાસન આપવું, એ એને સમજાતું ન'તું. રિયા થોડી શાંત થઈ ને એણે ફરી બોલવાનું ચાલું કર્યું. આજે કદાચ એને કશું બાકી ન'તું રાખવું.



''માનસી, હું લૂંટાઈ ગઈ. એક ભવમાં કેટલા ભવ ! કેવું ડર્ટી ! કેટલું વિકૃત ! કેવા રાક્ષસ જેવા લોકો ! ને કેવી નરક જેવી પીડા !

માનસી, એક વાર રાતે હું જાગી ગઈ, ત્યારે એ લેપ-ટોપ પર ન જોવાનું જોઈ રહ્યો હતો. પોતાનો હસબન્ડ કોઈને એવી સ્થિતિમાં જોવે, એ કઈ સ્ત્રી બેર કરી શકે ? મેં એને લાગણીભર્યા અવાજે રિક્વેસ્ટ કરી, 'પ્લીઝ, આવું નહીં જો.' તો એ મારા પર એકદમ ગુસ્સે થઈ ગયો. મને ગાળ આપી અને ગુસ્સામાં અને નશામાં એમ બોલી ગયો કે 'તને આટલામાં તકલીફ થાય છે ? મેં તો આજ સુધીમાં...' મને ખ્યાલ આવી ગયો, અગ્નિની સાક્ષીએ એણે લીધેલા સોગંદ માત્ર એક મશ્કરી હતી.

માનસી, મને કોઈ ખોળાનો ખુંદનાર જોઈતો હતો, જેને લાડ લડાવતા હું મારા બધા દુઃખોને ભૂલી જાઉં, એક દિવસ મને ખ્યાલ આવ્યો કે હું પ્રેગ્નેન્ટ થઈ છું. મારી ખુશીનો કોઈ પાર ન રહ્યો. એના ઘરે આવતાની સાથે મેં એને ન્યુઝ આપ્યા. મને થયું કે એને આનંદ થશે. પણ એનો ફેસ તો ગંભીર થઈ ગયો. બીજા દિવસે એણે મને કહ્યું કે મારે મા બનવાનું નથી. મારા માથે આકાશ તૂટી પડ્યું ને પગ તળેથી ધરતી સરકવા લાગી. હું ચાર દિવસ સુધી એને કરગરતી રહી. પણ એ એકનો બે ન થયો. આ વખતે હું ય નમતું જોખવા ન'તી માંગતી. હું મારા સંતાનને શી રીતે ...?

એણે મારા પર ભયંકર જુલમ કરવાનું શરૂ કરી દીધું. પણ હું અડગ રહી. દશ દિવસ પછી એ મને મેડિકલ ચેક-અપ માટે ક્યાંક લઈ ગયો. ત્યાં મને બેભાન કરવામાં આવી ને જ્યારે હું ભાનમાં આવી, ત્યારે...

માનસી, બે વાર એબોર્શન થઈ ગયું છે, ને એના જે કોમ્પ્લીકેશન્સ થયા છે, એ મને જિંદગી સુધી પેઈન આપતા રહેશે.

હવે એ વાતે વાતે ડાયવોર્સની ધમકી આપે છે. એના વ્યસનોને કારણે બિઝનેસ પણ તૂટ્યો છે. મારા એક પછી એક ઘરેણાં એણે વેંચી દીધા છે. ને હવે મારા પિયરથી પૈસા મંગાવવા માટે મારા પર ટોર્ચરિંગ કરે છે. કોઈ દિવસ એવો નથી ગયો, કે જે દિવસે હું રડી ન હોઉં, ને જે દિવસે મેં સુસાઈડના વિચારો ન કર્યા હોય.

માનસી, ધૂળ પડી આ મોડર્ન કલ્ચરમાં, આ સિનેમા, ટી.વી., વિડિયો ને ઈન્ટરનેટ... બધું બળીને ખાખ થઈ જવું જોઈએ. મારા જેવી કેટકેટલી અભાગણીઓની જિંદગી એણે બરબાદ કરી છે. હું જેને ફેશન કે ન્યુ-જનરેશન સમજતી હતી, એ બધું કેટલું બધું હોરિબલ છે ! કેટલું ડર્ટી... કેટલું ઘૃણાજનક છે ! હું બરબાદ થઈ ગઈ... મારી આખી જિંદગી બરબાદ થઈ ગઈ.

માનસી, તું ભલે આજે વર્ષો પછી મળી, પણ તારા શબ્દો મને હજારો વાર યાદ આવી ગયા છે, જે પોતાના ધર્મને વફાદાર હોય,.... માનસી, આજે મને સામાયિકની વેલ્યુ સમજાય છે. આજે મને પૂજા, પ્રતિક્રમણ અને તિલકનું ઈમ્પોર્ટન્સ સમજાય છે. આજે મને સમજાય છે, કે સંસ્કારો અને તત્ત્વજ્ઞાનની જીવનમાં કેટલી જરૂર છે ! કા..શ.. મેં ત્યારે તારું...

થોડી ક્ષણો માટે મૌન છવાઈ ગયું. રિયા હવે વાત બદલવા માંગતી હતી. એણે ધીમા અવાજે પૂછ્યું, ''તું કેમ છે ?'' ને માનસીના ચહેરા પર પ્રસન્નતાનું સ્મિત રેલાઈ ગયું. અત્યારે પોતાના સુખી સંસારની વાત રિયાના દુઃખને વધારી શકે છે. એવો માનસીને અંદાજ હતો, માટે જ એ ચૂપ રહી, પણ એનો ચહેરો બધો જ રિપ્લાય આપી રહ્યો હતો.

ત્યાં તો ડોરબેલ વાગી. માનસીએ દરવાજો ખોલ્યો, ને એક મધુર સ્મિત સાથે આગંતુકનું સ્વાગત કર્યું. રિયાએ આવનારને જોયા ને એક ભૂતકાળ એના મનમાં ઝબૂકી ઉઠ્યો. એની ફ્રેન્ડના શ્રાવકને એ ઓળખી ગઈ હતી. આજે ચૌદશ હોવાથી એ વહેલા આવી ગયા હતા.

* * * * *

**એનાથી ડરો**
**જે ભગવાનથી ડરતો નથી.**



# ❁ મોડર્ન કે ઓર્થોડોક્સ ? તમારી ઈચ્છા ❁

''પણ જે છોકરી મને ગમી છે, એની સાથે મેરેજ ન કરું. તો શું જે ન ગમતી હોય, એની સાથે મેરેજ કરું ? તું ય કેવી વાત કરે છે ?''

''જો વીકી, હું તને ય ઓળખું છું, ને એને ય ઓળખું છું. એ તને કેમ ગમે છે, એની મને ખબર છે. એની લાઈફ-સ્ટાઈલ સ્વતંત્ર છે. ઘણી રીતે સ્વતંત્ર. તું કદાચ એના માટે 'બોલ્ડ' શબ્દ વાપરતો હોઈશ. ડ્રેસની બાબતમાં બોલ્ડ. હસવા-બોલવામાં બોલ્ડ. દિવસે કે રાતે ફરવાની બોબતમાં બોલ્ડ. વગેરે વગેરે..

વીકી, મને એ છોકરી માટે કોઈ દુર્ભાવ નથી. હું જે કહું છું, એ તારા ભવિષ્યના હિત માટે કહું છું. મેં ઘણી વાર તારી આંખોને એની સામે એકીટશે જોતી જોઈ છે. તને એ ખૂબ જ એટ્રેક્ટીવ લાગતી હશે, પણ હકીકતમાં એ બીજી છોકરીઓથી બહુ ચઢિયાતી છે. એવું નથી. આ તો વેસ્ટર્ન પેટર્નના ડ્રેસની અસર છે. બાકી જે બ્યુટી બીજી સંસ્કારી છોકરીઓમાં છે, એનાથી વધુ એનામાં કશું નથી, ઉલ્ટું આ બહુ મોટો માઈનસ પોઈન્ટ છે, કે જે લાજ-શરમને નેવે મુકીને રસ્તે ચાલતા હાલી-મવાલીઓને પણ પોતાના પર બુરી નજર કરવાનું ઈનડાઈરેક્ટ ઈન્વીટેશન આપે છે.

વીકી, હું તને લેડીઝ-વર્લ્ડનું ટોપ સિક્રેટ કહું છું. 'સ્ત્રી'ની કોઈ પહેલી ઓળખ કે પહેલો ગુણ હોય, તો એ લજ્જા છે. એ લજ્જાથી શોભે છે, ને લજ્જાથી જીવે છે, કહેવાતી બોલ્ડનેસ એ સ્ત્રીત્વની સ્મશાનયાત્રા સિવાય બીજું કશું જ નથી. આજે ડાયવોર્સના કેસ વધી રહ્યા છે. મેરેજ લાઈફ 'નો લાસ્ટિંગ' થતી જાય છે, એનું કારણ આ જ છે. મેરેજ પુરુષ અને સ્ત્રીના ટકી શકે, બે પુરુષના નહીં. કદાચ ડાયવોર્સ ન થાય, તો ય જે ટકે છે, એ મેરીડ લાઈફ નથી હોતી, પણ વોર-લાઈફ હોય છે. પછી એ વોર નોઈઝી વોર હોય કે સાઈલન્ટ વોર.

વીકી, જાહેરમાં અંગપ્રદર્શન એ પહેલાના જમાનામાં ન'તું એવું ન હતું. હજારો વર્ષ પહેલા ય એ હતું. પણ કુલીન કન્યાઓમાં નહીં. વેશ્યાઓમાં. આજે ખાનદાન ઘરની કન્યાઓ ફેશનના નામે એ રસ્તે જાય તો છે, પણ

એમને ખબર નથી, કે આ રસ્તો વેશ્યાઓનો છે. જેમણે મેરેજ કરવાના છે, જેમણે ફેમિલી-લાઈફ એન્જોય કરવાની છે, એમના માટે આ એકદમ ઓપોઝિટ રસ્તો છે. વીકી, સોરી ટુ સે, ઓપન બોલ્ડનેસ એ વેશ્યાવૃત્તિનું જ આધુનિક નામ છે. ગૃહિણી અને વેશ્યા આ બંને એવા છેડા છે. કે જે ક્યાંય મળતા જ નથી. મારું માને તો તું એનો વિચાર મુકી દે અને કોઈ સંસ્કારી કન્યાને પસંદ કર.''

''એ પોસિબલ નથી. મને એ ગમે છે ને મેં નક્કી કરી લીધું છે, કે હું એની જ સાથે મેરેજ કરીશ. તારી વાતમાં કંઈક પોઈન્ટ તો છે, પણ હવે આ બધી વાતો આઉટ ઑફ ડેટ થઈ ગઈ છે. સની, તું ટાઈમ જો. આખો મેનિયા જો. આ તો હું છું. બીજું કોઈ હોય, તો તારા પર હસે, તને ગાંડો કહે.''

''વીકી, તારી આ જ વાતના આન્સરમાં તને એક બીજી ઈમ્પોર્ટન્ટ મેટર કહી દઉં. ટાઈમ ચેન્જ થયો છે. પણ પુરુષ ચેન્જ થયો નથી. રસ્તે ચાલતા ને કોલેજમાં આવતાં થાઉઝન્ડ્સ ઓફ પુરુષો એ છોકરીને જોતા હતાં. તું પણ એમનામાંનો એક બન્યો. બધાં તો એને જોતા હતા અને જોશે, પણ એને તે પસંદ કરી છે. એટલે હવે બીજા એને જુએ, એ તારાથી સહન નહીં થાય, તારી સગાઈ થશે એટલે આ પ્રશ્ન વધુ જટિલ બનશે. અને મેરેજ પછી આ એક બર્નિંગ પ્રોબ્લેમ બની જશે. એકદમ અસહ્ય.

અને આવું થવું એકદમ નેચરલ છે, પોતાની વાઈફને કોઈ અડે એ જેમ અનબેરેબલ હોય છે, તેમ એને કોઈ ખરાબ નજરે જુએ, એ પણ અનબેરેબલ હોય છે. એકમાં સ્પાર્શ (By touch) વ્યભિચાર છે, તો એકમાં ચાક્ષુષ (By eye) વ્યભિચાર છે. છે તો બંને વ્યભિચાર જ. હજારો વર્ષ પહેલાનો પતિ પણ બેર કરી શકતો ન હતો, ને આજનો પતિ પણ એને બેર કરી શકતો નથી. પછી ભલે ને એ ગમે તેટલો મોડર્ન કે ફોરવર્ડ કેમ ન કહેવાતો હોય !

હા, એની બોલ્ડ વાઈફ પર એનું કેટલું ચાલે, એ મોટો ક્વેશ્ચન હોય છે. એટલે કેટલાય પતિઓ હંમેશ માટે સમસમી જતાં કે મનમાં બળ્યાં કરતાં હોય છે, કેટલાય દાંપત્યજીવન 'ડ્રેસ પોઈન્ટ' પર રણમેદાન બની જતાં હોય



છે. કેટલાક પતિઓ સ્ટુપિડ પણ હોય, તો ના નહીં, જેઓ ઠંડકથી જીવન પસાર કરી દે. પણ હું જે વાત કરું છું, તે સમજદાર પુરુષોની છે, અને તું પણ તેમનામાંનો જ એક છે.

વીકી, આજના પુરુષની હાલત ખૂબ જ વિચિત્ર છે, એ નિર્મર્યાદ પાત્રને પસંદ કરે છે, ને પછી એની પાસે મર્યાદાની પૂરી અપેક્ષા રાખે છે. જે જીન્સ-ટિશર્ટ જોઈને એ મેરેજ કરે છે, એ જ જીન્સ-ટિશર્ટ મેરેજ પછી એની આંખોમાં કાંટાની જેમ ખૂંચે છે. જે હસી-મજાકની ટેવ એને પહેલા આકર્ષક લાગતી હતી. એ જ ટેવ હવે એને અસહ્ય લાગે છે. બીજાઓ સાથે ઓછું હળતી-મળતી શરમાળ સંયમી છોકરી એને ઓર્થોડોક્સ લાગતી હતી, પણ મેરેજ પછી → એ ક્યાં ગઈ'તી ? ઘરે કોણ આવ્યું'તું ? એણે સેલફોન પર કોની કોની સાથે વાતો કરી ? ← આ બધાં પ્રશ્નો એનો પીછો છોડતા નથી. વીકી, તને ખબર છે ? દુનિયાના અલ્ટ્રા મોડર્ન પુરુષો પણ પોતાની પત્નીની અનેક રીતે જાસૂસી કરે છે અને એ માટે ધંધાધારી જાસૂસોનો ઉપયોગ પણ કરે છે. 'આ ફોન નંબર પર જે કોલ્સ થયાં હોય, તેની ટેપ મારે જોઈએ છે.' ફોન-કંપનીઓ પાસે આવી ડિમાન્ડ કરનારા પતિઓનો તોટો નથી.''

''તું તો પુરુષોની ઓપોઝમાં બોલે છે.''

''જો વીકી, આ બધી વાત કોઈની ઓપોઝની પણ નથી અને કોઈની ફેવરની પણ નથી. આ બધી નેચરની વાત છે. જે સહજ છે, જે પ્રકૃતિ છે. જે સ્વભાવ છે, જે દૂર ન થઈ શકે, તેની આ વાત છે. ને આમાં કોઈ ખોટું પણ નથી. પ્રકૃતિ મર્યાદા જ માંગે છે. સુખી લગ્નજીવન કે સુખી પારિવારિક જીવન મર્યાદામાં જ પોસિબલ થઈ શકે છે. આપણા હજારો વર્ષોના ઈતિહાસમાં છૂટાછેડા જેવી બાબતો જાણવા મળતી નથી, તેનું કારણ 'મર્યાદા' છે. જો જીવનભર મર્યાદા જ અપેક્ષિત અને આવશ્યક બનતી હોય, તો બુદ્ધિમત્તા એમાં જ છે, કે આપણી પસંદગી મર્યાદાશીલ પાત્ર પર જ ઉતારીએ.''

''સની, હવે હું તને જે વાત કરું છું. એ મારો ઓપિનિયન નથી, પણ લેટેસ્ટ-આલ્ફા જનરેશનનો ઓપિનિયન છે. ને એ ઓપિનિયનથી તારી બધી વાતો યુઝલેસ બની જાય છે. વાત એ છે કે આ ઓપિનિયન લગ્ન અને પરિવારમાં માનતો જ નથી.''

"એ એમનું ઈગ્નોરન્સ છે. ડાર્ક ઈગ્નોરન્સ. તેઓ જેવી જીવનશૈલીની કલ્પના કરે છે. તેમાં સોસાયટી, હેલ્થ, પીસ ઓફ માઈન્ડ, પ્લેઝર, સેફ્ટી, સ્ટેબિલિટી... કશું જ પોસિબલ નથી. વિદેશમાં આના લખલૂટ ઉદાહરણો મળી રહેશે. લગ્ન અને પરિવાર વિના બે જ વ્યક્તિ સુખેથી જીવી શકે. એક તો યોગી અને બીજો પાગલ. આઈ મીન, જો ગૃહસ્થજીવનને સુખી બનાવવું હોય, તો એના માટે મર્યાદાસભર જીવનનો જ એક માત્ર વિકલ્પ રહે છે."

"વેલ સની, આમ તો તારી વાતોનો મારી પાસે કોઈ જવાબ નથી... પણ... હું વિચારીશ."

* * * * *

"હલો સની, આજે સાંજે તું ફ્રી હોઈશ ?... હા, તો સાંજે મળીએ... ના ઘરે નહીં.. છ વાગે ટાઉનહોલ પાસે આવજે ને, ત્યાં ક્યાંક..."

".... સની, તે મને ફરી કદી એ વાત યાદ કરાવી નથી. મારી કંકોત્રી મળી ત્યારે પણ નહીં, ને આજ સુધી પણ નહીં. મેરેજ વખતે પણ તે તો પ્રેમથી શુભેચ્છા જ આપી હતી... પણ... મેં પોતે જ "આ બેલ મુઝે માર" જેવી સ્ટુપિડિટી કરી હોય, એમાં તારી શુભેચ્છા પણ શું કરી શકે ?

સની, હું બહુ મોટા પ્રોબ્લેમમાં આવી ગયો છું. આજે તારી પાસે મારે દિલ ખોલીને બધી વાત પણ કરવી છે, ને ... મારે તારી એડવાઈસ પણ જોઈએ છે.

તારી વાત ૧૦૦ ટકા સાચી હતી. છતાં મેં મારી જીદ પકડી રાખી અને ત્વિષા સાથે જ મેરેજ કર્યા. હું એવું વિચારતો હતો કે હું તારી વાત ખોટી પાડીને બતાવીશ, હું પૂરી મહેનત કરીને એવો દેખાવ કરવા લાગ્યો. પણ દેખાવ એ દેખાવ જ હોય છે. અને રિયાલિટી એ રિયાલિટી હોય છે. એક જ મહિનામાં રિયાલિટી બહાર આવી ગઈ. ને અમારા ઝઘડા ચાલુ થઈ ગયા. હું એને એક સંસ્કારી સંયમિત જીવન જીવનારી હાઉસ-વાઈફ રૂપે જોવા માંગતો હતો અને એને હજી પણ કોલેજ ગર્લ કે આલ્ફા-વુમન તરીકે જ જીવવું હતું. એના ચુસ્ત વસ્ત્રો કે ઓછા વસ્ત્રો મારા માટે હેડેક બની ગયા. એક વાર એ માર્કેટ જવા માટે નીચે ઉતરી, મેં વિન્ડોમાંથી વિઝ્યુલાઈઝ કર્યું, સોસાયટીના યંગસ્ટર્સ એને તાકી તાકીને જોતા હતા. મેં



સગી આંખે એમની આંખોમાં વાસના જોઈ, હું જાણે જીવતો સળગી ગયો. મેં બેડરૂમમાં જઈને એને કોલ કર્યો, 'તું હમણાં જ પાછી આવી જા. જે જોઈએ એ હું લઈ આવીશ.' એણે ના પાડી દીધી ને કહ્યું કે મારે 'વોક' કરવાની છે.' મેં કહ્યું કે, 'તારે જવું જ હોય, તો તું ડ્રેસ બદલીને જા. એ ડ્રેસની બદલે બીજો સારો ડ્રેસ પહેરી લે.' સની, તું માનીશ નહીં. જે એનો મગજ ફાટ્યો છે... 'તું શું કહેવા માંગે છે ? શું મારો આ ડ્રેસ ખરાબ છે ? અને મારે શું પહેરવું એનું ડિસિઝન હું લઈશ. એમાં તારે ઈન્ટરફિયર કરવાની કોઈ જરૂર નથી.'

સની, હું જીવતે જીવ જાણે નરકમાં આવી ગયો. માર્કેટમાં સેંકડો-હજારો લોકો મારી વાઈફને ખરાબ નજરથી જોતા હશે. એ કલ્પના જાણે પળે પળે મારી કતલ કરતી હતી. ગુસ્સામાં ને ગુસ્સામાં મેં કબાટ પર લાગેલા અરીસાને તોડી નાખ્યો ને શોકેસનો કાચ ફોડી નાખ્યો. મારું માથું મારા કન્ટ્રોલમાં ન હતું. મને થયું કે હું ઘરે હોઈશ, તો કદાચ એ આવશે ત્યારે હું એનું ખૂન કરી બેસીશ. એટલે હું પાર્કમાં જતો રહ્યો. હું ત્યાંના બાકડા પર બેઠો હતો, પણ મારું મન...

ઘણી વાર હું ગમ ખાઈ જતો, ઘણી વાર હું મારું મન બીજા વિષયમાં લઈ જવા પ્રયત્ન કરતો, ને ઘણી વાર અમારો ઝઘડો થઈ જતો. ભયંકર ઝઘડો. એ જે પાવરથી મારી વાતને તોડી પાડતી ને મારું ઈન્સલ્ટ કરી નાખતી, એનાથી મને એવું પેઈન થતું, કે જાણે મારી છાતીમાં ખંજર ભોંકાતું હોય.

સની, મને ઘણી વાર વિચાર આવતો, કે જે સમજણી થયેલી છોકરીઓ કે સ્ત્રીઓ આવા શેમ-લેસ ડ્રેસ પહેરીને ઘરની બહાર નીકળે છે, તેઓ શું કદી અરીસામાં પોતાનો ફ્રન્ટ અને બેક જોતી નહીં હોય ? શું એમને આટલું ય કોમન સેન્સ નહીં થતું હોય, કે તેમનો આવો વ્યુ તેમના હસબન્ડ સિવાય બીજા કોઈને ય બતાવવા જેવો નથી ? શું એમને એટલો ખ્યાલ નહીં આવતો હોય, કે પબ્લિકમાં તેમનો આવો દેદાર એક બીભત્સ પ્રદર્શન બની રહ્યું છે ? કે પછી ઊંડે ઊંડે પણ તેમને બધાને ઈમ્પ્રેસ કરવાની ડિઝાયર હશે ? સની, જાણે-અજાણે પણ આને 'સર્ચ ઑફ અનધર હસબન્ડ' ન કહેવાય ? સૌથી મોટો પ્રશ્ન તો એ છે, કે શું તેમના ઘરે કોઈ પિતા, ભાઈ, પુત્ર કે દિયર વગેરે નહીં હોય ?

ત્વિષાની એક એક હેબીટ મારા માટે મોત બનતી ગઈ. એ ગમે તેની સાથે હસી હસીને વાત કરતી. સામ સામે કોમેન્ટ્સ કરતી, બેશરમ થઈને શેક-હેન્ડ પણ કરતી. એ ઘણી વાર બચાવ કરતી, કે 'એમાં શું થઈ ગયું.' હું ફક્ત તને જ ચાહું છું. ઓન્લી યુ.' પણ અંતે તે જ થયું. જેનો મને ડર હતો.

ત્વિષાનું વર્તન ખૂબ ઝડપથી બદલાતું જતું હતું. હું ઘણી વાર એને કોઈ અલગ જ વિચારોમાં ખોવાયેલી જોતો. એને ખ્યાલ આવે કે હું એને જોઈ રહ્યો છું, તો જાણે એની કોઈ ચોરી પકડાઈ ગઈ હોય, એમ તે જે-તે કામમાં પરોવાઈ જવાનો શો કરતી. પહેલા હું ઓફિસથી આવું, તો એ મારી કોઈ કેર ન કરતી. પણ પછી તો ખૂબ ઉમળકો બતાવીને મારી સૂટ-કેસ લઈ લે, મારા શુઝ, શોક્સ કાઢે, મને પાણી આપે... હું બુદ્ધુ ન હતો. હું સમજી રહ્યો હતો કે એનું આ વર્તન રિયલ નથી. પણ કોઈ મોટા ફોલ્ટને ઢાંકવા માટેનો એફોર્ટ છે.

મારે રોજ ઓફિસથી આવતા લેટ પણ થતું હતું. ને અવાર-નવાર બિઝનેસ ટ્રીપ માટે આઉટ ઓફ સ્ટેટ પણ જવું પડતું હતું. બીજી બાજુ જાત જાતના કારણ બતાવીને ત્વિષા હોમ-એક્સપેન્સ માટે વધારે ને વધારે પૈસા માંગતી હતી. છ મહિનામાં ત્રણ વાર એના અલગ અલગ દાગીનાઓની ચોરી થઈ ગઈ. ક્યાં-કેવી રીતે એ ચોરીઓ થઈ, એ અંગે એણે જે કહ્યું, એ બરાબર ગળે ઉતરે તેમ ન હતું. એની હેલ્થ સારી લાગતી હતી, છતાં એણે ફિઝિશિયનના કન્સલ્ટીંગ માટે અને અમુક રિપોર્ટ્સ કઢાવવા માટે મોટી રકમની માંગણી કરી. મેં મારા સેવિંગ્સમાંથી વ્યવસ્થા કરી અને કહ્યું કે, હું તારી સાથે આવું છું, તો મને ઘસીને ના પાડી દીધી. પછી તો ઘરમાંથી બે-ત્રણ કિંમતી ચીજો પણ ગુમ થઈ ગઈ.

બધું જ વિચિત્ર બની રહ્યું હતું અને હું ખૂબ ઝડપથી એમ્પ્ટી થઈ રહ્યો હતો. એણે ફરીથી મોટી રકમની માંગણી કરી, અને કહ્યું કે એણે આખા વર્ષના ઘઉં અને ચોખા ભરવાના છે. મને શંકા તો હતી જ. મેં તપાસ કરી તો ઘરમાં હજી કોઠીઓ ભરી હતી અને એની સિઝનને પૂરા છ મહિનાની વાર હતી. મેં બહાનુ કાઢીને ના પાડી દીધી. મેં ત્યારે માર્ક કર્યું કે એ ખૂબ ગભરાઈ ગઈ હતી. બે દિવસ પછી એણે બીજા રિઝન્સ



આપીને પૈસાની માંગણી કરી. મેં સાફ ના પાડી, અને કહ્યું કે 'બે મહિના સુધી કોઈ વ્યવસ્થા થવી પોસિબલ નથી.' એ ગભરાઈ ગઈ અને કિચનમાં જતી રહી. કિચનનો ડોર પણ બંધ થઈ ગયો.

સની, આ વાતના બરાબર અઠવાડિયા પછી મારા પર એક એવો એમ.એમ.એસ. આવ્યો, જેનાથી મારા માથે આકાશ તૂટી પડ્યું... ત્વિષા કોઈની સાથે..

મને એવો ડાઉટ હતો જ, પણ તો ય હું એને એક્સેપ્ટ કરવા તૈયાર ન હતો. એ કોમ્પ્યુટર પ્રોડક્ટ હોય એવી સંભાવનાઓ કરવા માટે હું મરણિયો બન્યો, પણ મને ખ્યાલ આવી ગયો, કે હું મારી જાતને છેતરી રહ્યો છું. નેક્સ્ટ ચાર દિવસમાં મને બીજા ત્રણ જુદા જુદા એમ.એમ.એસ. મળ્યા. એમાં સાથેના ટેક્સ્ટ મેસેજમાં ત્વિષાના બોડી સ્પોટ્સ લખ્યા હતા, જે સાચા હતાં. મારું માથું ભમવા લાગ્યું. ત્વિષા આઉટલાઈન પર ગઈ હતી, અને એના યારે એને બ્લેકમેઈલ કરી કરીને મારું ઘર ખાલી કરી નાખ્યું હતું. એનો ખ્યાલ મને આવી ગયો. મારો ગુસ્સો બધી બાઉન્ડ્રી ક્રોસ કરી ગયો. હું રડતો હતો. હું જીવતો સળગતો હતો. હું ગાળો બોલવા લાગ્યો ને જે હાથમાં આવે તે પછાડવા ને ફેંકવા લાગ્યો. મારું મગજ બહેર મારી ગયું. મને ઝડપથી એકથી એક ભયાનક વિચારો આવવા લાગ્યા... ત્વિષાનો આવો એક જ યાર હશે, કે પછી બીજા પણ ?.... એ કેટલા જણની ATM (Any time money) હશે ? ... લોહી-પાણી એક કરીને હું કમાઉં છું, એ આના માટે ?... હું એને આટલો ચાહું છું, ને એણે મારી સાથે... એનો યાર હવે શું કરવા માંગે છે ?...

સની, મેં જે વિચારો કર્યા એ બધાં તને કહી શકું તેમ પણ નથી. છેલ્લે હું એક ડિસિઝન પર આવ્યો, કે ત્વિષાને ખતમ કરી દઉં અને પછી હું પોતે પણ સુસાઈડ કરી લઉં. છતાં પછી એક બીજો વિચાર આવ્યો, કે તને વાત કરું, અને તારી એડવાઈસ લઉં. તું મને કહીશ ? કે આમાં હવે શું થઈ શકે ?''

ટાઉનહોલની પાછળના ભાગમાં અંધારું વધી રહ્યું છે. ને સની એ જ વિચારી રહ્યો છે, કે હવે શું થઈ શકે ???

* * * * *

# ❁ Stop, Watch & Go ❁

''અભિ, જેની સાથે તારી વાત આગળ ચાલવાની છે એ છોકરીવાળાએ કોઈ ઓળખાણથી તારા પપ્પાનો કોન્ટેક્ટ કર્યો હતો ? કે પછી છાપાની એડ જોઈને ?''

''એડ જોઈને.''

''તો મારું માને તો એની વાતને ત્યાં જ સ્ટોપ કરી દે. મેં તારી એડ વાંચી હતી. એ એડથી એટલો જ અર્થ સરતો હતો કે જે એને વાંચીને તારામાં રસ લે, એ છોકરી તારા માટે સારી નથી.''

''યશ, તું શું બોલે છે એની તને ખબર છે ને ?''

''હા, બહુ સારી રીતે ખબર છે. જે છોકરી મલ્ટીનેશનલ કંપનીનું છ લાખનું પેકેજ, ડિલક્સ ફ્લેટ અને સેન્ટ્રો કારની વેલ્થ જોઈને પરણશે, એ તને નહીં, પણ તારી વેલ્થને જ પરણશે. એની સાથે મેરેજ કરીને તું સુખી થાય એ વાતમાં કોઈ માલ નથી. હકીકતમાં તમે આવી એડ આપીને બહુ મોટી ભૂલ કરી છે. હકીકતમાં એમાં તારી ગુણાત્મક યોગ્યતા જણાવવી જોઈતી હતી અને સામે પક્ષે ગુણાત્મક યોગ્યતાનો આગ્રહ રાખવો જોઈતો હતો. એ એડથી જે તારામાં રસ લે અને એની તેવી યોગ્યતા દેખાય, એની સાથે સંબંધ કરવામાં તારું લાઈફ-ટાઈમનું હિત હતું.

''જો યશ, લોકો આ એક જ યોગ્યતાને સમજે છે, અને એમની સાથે બીજી ભાષામાં વાત કરવાનો અર્થ નથી.''

* * * * *

''અભિ, તું ? આવ આવ, કેટલા દિવસે આવ્યો ! હં... તારે તો આખા વર્લ્ડમાં ઉડા-ઉડ કરવાની હોય ને ? પછી તું ક્યાંથી આવે ? આવ બેસ... જો તો કોણ આવ્યું છે... આપણા મોંઘેરા મહેમાન છે હં... મારો બેસ્ટ ફ્રેન્ડ... આખા વરસની સરભરા કરી દેવાની છે.... પછી ક્યારે આવે, એનો ભરોસો નહીં.''



''યશ, હું ખાસ કામથી આવ્યો છું, આપણે જરા અંદર બેસીએ ?''

''ઓહ સ્યોર, વ્હાય નોટ, આવ... બેસ.. તું ટેન્શનમાં હોય એવું લાગે છે, બોલ, શું વાત છે ?''

''....હું જે કંપનીમાં હતો એ કંપની મંદીની ઝપટમાં આવી ગઈ છે. આ વર્ષે બોનસ કેન્સલ થયા, પગાર પણ ઘટાડ્યો અને લાસ્ટ વીકમાં પાંચસો માણસને છુટ્ટા કર્યા, એમાં મારો પણ નંબર છે. કારનું પઝેશન તો તરત લઈ લીધું. ફ્લેટ ખાલી કરવાની નોટિસ આવી ગઈ છે. લગભગ બદલાપુરમાં ભાડેથી જગ્યા મળી જશે.''

''જો અભિ, આવું નહીં બોલ, આ ઘર તારું જ છે. તું આજે જ અહીં આવી જા, ને રહી વાત અર્નિંગની તો...''

''યશ, એક મિનિટ, તું મિસ-અન્ડરસ્ટુડ નહીં થતો. મારે કોઈની હેલ્પ લેવી નથી, હું મારી રીતે જ રિ-સેટ થવા માંગું છું. હું તને જે વાત કહેવા આવ્યો છું, તે હવે ચાલુ થાય છે. લાસ્ટ વીકથી જ મને છુટ્ટો કરવામાં આવ્યો ત્યારથી આરસીનું બિહેવિયર એકદમ ડિફ્રન્ટ લાગતું હતું. મારી પાસે થોડી મૂડી હતી, પણ નવો બિઝનેશ ચાલુ કરવા માટે એ મૂડી ઓછી પડતી હતી. ચાર દિવસ પહેલા મેં એને કહ્યું કે જો એની અમુક જ્વેલરી કાઢી નાખીએ કે ગીરવે મુકીએ, તો કામ થઈ જાય. એ કાંઈ બોલી નહીં, પણ એના ચહેરા પર સ્પષ્ટ અણગમો દેખાતો હતો... યશ, મને ખૂબ આઘાત લાગ્યો. એની કેટલીક જ્વેલરી તો મેં જ ગિફ્ટમાં આપી હતી.

બીજા દિવસે એ મને કાંઈ કહ્યા વગર એના કપડાં-ઘરેણાં, બીજી વસ્તુઓ ને અમુક રોકડ રકમ લઈને એના પિયર જતી રહી, અને યસ્ટર ડે એના તરફથી મને એક કવર મળ્યું. એમાંથી ડાયવોર્સના પેપર્સ નીકળ્યા છે, સાઈન કરી આપવા માટે, બોલ, શું કરું ?''

આઘાત વહેંચાઈ ગયો, નરવસ થઈ ગયેલા યશે એના બે હાથ ડેસ્ક પર ટેકવ્યા અને માથું ઢાળી દીધું. બેડ પર પડેલા છાપાના એક ભાગે તેની નજર સ્થિર થઈ ગઈ. ત્યાં લગ્નવિષયક એક આકર્ષક એડ હતી.

* * * * *

## ❁ Relation With Fair Skin ❁

✯ લગ્નવિષયક ✯

*જાણીતા ઉદ્યોગપતિ.......ના ચિરંજીવી જૈમિન માટે ગોરી-ફેર સ્કીનવાળી, એટ્રેક્ટીવ કન્યાના વાલીઓ સંપર્ક કરે.*

જૈમિને ચોવીશ રૂપસુંદરીઓ જોઈ, પણ એનું મન ન માન્યું, બધામાં એને કંઈ ને કંઈ કમી લાગી. દોઢ વરસ એમ ને એમ નીકળી ગયું. પચ્ચીશમી કન્યા સાથે એની મિટીંગ થઈ. પહેલી જ નજરે એ એના મનમાં વસી ગઈ અને એ સહજ પણ હતું. એ ખરેખર ભલભલી રૂપાળી કન્યાઓને શરમાવે તેવી હતી. લગ્ન થઈ ગયાં. જૈમિનને જાણે આખી દુનિયાનું રાજ મળી ગયું. રાત ને દિવસ એ એની વાઈફના વિચારોમાં ડુબેલો રહેતો. ઓફિસથી ઘરે પાછો ન આવે ત્યાં સુધી ય એનું મન તો એની વાઈફમાં જ રહેતું. ઘડી ઘડી પર્સમાંથી એનો ફોટો કાઢીને જોયા કરે, ઓફિસથી ઘરે આઠ-દશ કોલ્સ ન કરે, તો એને ચેન ન પડે.

એક સાંજે એની ઓફિસે એક કોલ આવ્યો... ''તમારી વાઈફનો કાર એક્સીડેન્ટ થયો છે... હોસ્પિટલમાં...'' અદ્ધર શ્વાસે ને પરસેવે રેબઝેબ શરીરે જૈમિન હોસ્પિટલમાં દોડી આવ્યો. ઓપરેશનનું બેક-ગ્રાઉન્ડ તૈયાર થઈ ગયું હતું. ડોક્ટર ઓપરેશન થિયેટર પાસે પહોચ્યાં, ત્યાં તો જૈમિન એમના પગમાં પડી ગયો, ''ડોક્ટર, પ્લીઝ, પ્લીઝ સેવ માય વાઈફ, પ્લીઝ, એના વિના હું જીવી નહીં શકું, પ્લીઝ જે લેવું હોય એ લઈ લેજો... પણ..'' ''વી વીલ ટ્રાય અવર બેસ્ટ'' ડોક્ટર અંદર ગયા. દરવાજો બંધ થઈ ગયો. સોફા પર જૈમિન બેવડ વળી ગયો હતો. એના હાથ જોડાયેલા હતાં. અને રડી રડીને એની આંખો સૂઝી ગઈ હતી. ત્રણ કલાકે ઓપરેશન પૂરું થયું. ડોક્ટર બહાર આવ્યા. જૈમિન ઊભો થઈ ગયો... ''ડોક્ટર સાહેબ !'' જૈમિનની આંખમાં જે પ્રશ્નાર્થ હતો, એનો ડોક્ટરે જવાબ આપ્યો, ''બે દિવસ સુધી કાંઈ કહેવું ડિફિકલ્ટ છે.''

બે દિવસની એક એક સેકન્ડ કેવી રીતે પાસ થઈ હતી, એ જૈમિનનું મન જ જાણતું હતું. ત્રીજા દિવસે એને રિપોર્ટ મળ્યો, 'નાઉ શી ઈઝ આઉટ ઑફ ધ રિસ્ક.' જૈમિન આનંદથી નાચી ઉઠ્યો. પાંચમા દિવસે એને આઈ.સી.સી.યુ. માં જવા મળ્યું. આજે ચહેરાનો પાટો પણ ખોલવાનો હતો.

પાટાના એક પછી એક પડ ખુલતા ગયા અને જૈમિન તરસી નજરે જોઈ રહ્યો. છેલ્લુ પડ ખુલ્યું, દવાઓ સાફ કરાઈ ને જૈમિન અવાચક થઈ ગયો. કાચની કરચોએ એની વાઈફના ચહેરાને ભયંકર રીતે કદરૂપો બનાવી દીધો હતો.

જૈમિનનું મગજ ઝડપથી કોઈ વિચાર કરવા લાગ્યું. અડધી મિનિટ થઈ, ને એ ત્યાંથી બહાર નીકળી ગયો. ડોક્ટરને મળીને એણે ધીમે અવાજે કહ્યું, ''ડોક્ટર, જે લેવું હોય એ લઈ લેજો, એને પોઈઝનનું ઈન્જેક્શન આપીને પતાવી દો.''

❋ ❋ ❋ ❋ ❋

**વિશ્વનું અસીમ સૌન્દર્ય**
**અને એક માત્ર સૌન્દર્ય,**
**સદ્‌ગુણો.**

**જે ગુણી કુટુંબ, તે સુખી કુટુંબ.**

# ❁ City Or Village ? ❁

''એનું ઘર આટલું મોટું છે. આટલી મોટી જમીન છે. ધીકતો ધંધો છે. ખાનદાન ઘર છે, તો પછી તે એના માટે કેમ ના પાડી ?''

''જો શ્રેયા, એ બધી વાત સાચી, પણ એ ગામડામાં રહે છે, ત્યાં મને નહીં ફાવે.''

''બટ વ્હાય ? સીટીમાં તું જેની સાથે મેરેજ કરીશ, તેનો વન રૂમ કિચન કે ટુ રૂમ કિચનનો ફ્લેટ હશે. થ્રી રૂમ પણ હોઈ શકે, પણ એ બધી રૂમ્સને ભેગી કરીએ, એટલો તો એના ઘરનો હોલ છે.''

''ભલે હોય, મને નાનું ઘર ચાલશે.''

''વાત ફક્ત ઘરની નથી. સીટીમાં તારો હસબંડ સવારે ૮ કે ૯ વાગે કામ-ધંધે જતો રહેશે અને રાતે ૮, ૯ કે ૧૦ વાગે પાછો આવશે. એટલે મોર ધેન હાફ લાઈફ તો એ તારી સાથે નહીં રહે, ને એમાંથી સૂવાના કલાકો માઈનસ કર, તો પછી શું બાકી રહેશે ?''

''રીમા, તારી વાત આમ તો સાચી છે, પણ તો ય .....જે બાકી રહેશે, એટલી લાઈફને હું એન્જોય કરીશ.''

''શ્રેયા, જો એ પણ પોસિબલ હોત, તો હજી સારૂં હતું. પણ સીટી લાઈફ એટલી સ્ટ્રેસફુલ છે, કે એમાં એન્જોયમેન્ટ ઓછું હોય છે, ને જે હોય છે એની પણ ટેન્શનથી મઝા મરી જાય છે.

બીજી વાત એ છે કે સીટીમાં બધું જ મોંઘું હોય છે. ઘરથી માંડીને શાક સુધીનું અને મેડિકલથી માંડીને એજ્યુકેશન સુધીનું. આ બધા ખર્ચાઓ હવે અપર મિડલ ક્લાસને પણ પોસાતા નથી. પછી બે પગ ભેગા કરવા માટે યા તો પતિને ડબલ/ત્રિપલ ખેંચાવું પડે છે, ને યા તો પત્નીને પણ જોબ કરવી પડે છે. પહેલા ઓપ્શનમાં પતિ નાની એજમાં જ ઘરડો થઈ જાય છે, અને જાત-જાતના રોગોનો શિકાર બને છે. બીજા ઓપ્શનમાં પત્ની પર ડબલ ડ્યુટી આવી પડે છે. બાળકોના સંસ્કારો, ઘરની સાર-સંભાળ, રસોઈ બધું જ અસ્તવ્યસ્ત થઈ જાય છે.



રીમા, શહેરની ગિરદી, ટ્રાન્સ્પોર્ટેશનની હાડમારી, સમયસર પહોંચવાનું ટેન્શન, ધક્કામુક્કી, આ બધું પુરુષ માટે પણ ત્રાસજનક બનતું હોય છે. તો સ્ત્રીની શું વાત કરવી ? એની પ્રકૃતિ-સ્વભાવ-શરીરસંરચના-ડ્યુટી.. એકેય વસ્તુ સાથે આનો મેળ ખાતો નથી. પરિણામ ? સ્વાસ્થ્યથી હાથ ધોઈ નાખવાના, મનને સતત તાણમાં રાખવાનું, કમાણીને વહેલા કે મોડા મેડિકલ ટ્રીટમેન્ટમાં સમર્પિત કરી દેવાની. આ કેટલી ફુલિશનેસ ?

રીમા, આજે ચારે બાજુથી વાસનાને ભડકાવતા નિમિત્તો એટેક કરી રહ્યા છે. કોને ક્યારે કેવા આવેગો આવે ને એ કોની સાથે શું કરી નાખે એનો ભરોસો નથી. સીટી લાઈફમાં પુરુષ અને સ્ત્રી બંને અલગ અલગ રીતે અસુરક્ષિત હોય છે. તું મારી વાત સમજી રહી હોઈશ ?

રીમા, વીલેજ લાઈફમાં તારે માત્ર ઓપિનિયન કે ચોઈસમાં કોમ્પ્રોમાઈઝ કરવાની છે. સીટી લાઈફમાં તારે સિચ્યુએશન્સમાં કોમ્પ્રોમાઈઝ કરવાનું છે. તું ક્લીયર ફીલ કરીશ કે તારું બાળક રેઢું મુકાઈ રહ્યું છે, ગિરદીમાં તારી સાથે અડપલાં થઈ રહ્યા છે, બોસ કે ઓફિસ સ્ટાફ તારી સાથેના બિહેવિયરમાં બાઉન્ડ્રી ક્રોસ કરી રહ્યો છે, ઘરને તારી જરૂર છે ને તને ઘરની જરૂર છે, છતાં તારે બહાર રહેવું પડે છે...

રીમા, તને ખબર છે ? કે મુંબઈ જેવા શહેરોમાં રોજના સેંકડો અકસ્માતો થાય છે ? તને ખબર છે કે ત્યાં સવારે ગયેલો માણસ સાંજે હેમખેમ પાછો આવે, એ એક આશ્ચર્ય છે, પણ એના કોઈ ખરાબ સમાચાર આવે, એ આશ્ચર્ય નથી. રીમા, તું કલ્પના કરી શકીશ, કે ઘરે રોજ ૯ વાગે આવી જતો પતિ, ૧૦.૩૦ વાગ્યા સુધી ય ન આવ્યો હોય, અને એનો ફોન પણ ન લાગતો હોય, ત્યારે પત્નીની દશા કેવી હોય ? રોજ આવું ન બને, એ વાત સાચી, પણ આવું કદી બની જ ન શકે, એ વાત અંધશ્રદ્ધા નથી ?

રીમા, શહેરી જીવન ભય, અસલામતી, મોંઘવારી, હાડમારી, સ્ટ્રેસ અને ટેન્શનોથી ડિસ્ટર્બ્ડ થયેલું હોય છે. આની સામે ગ્રામ્ય જીવનમાં આખું ગામ પરિવાર જેવું હોય છે. નિર્ભયતા, સલામતી, સોંઘવારી, ઈઝીનેસ અને શાંતિ એ ગ્રામ્ય જીવનમાં સુલભ હોય છે.

આપણી આર્ય સંસ્કૃતિમાં જીવનના ઘણા સુખો સહજ રીતે વણાયેલા

હોય છે. આ સંસ્કૃતિ શહેરમાં મરી રહી છે, પણ ગ્રામ્ય જીવનમાં હજી જીવી રહી છે. તને ખબર છે ? શહેર કરતાં ગામમાં રોગો ઓછા છે, શહેરની સરખામણીમાં ગામમાં સ્વાર્થવૃત્તિ ઓછી છે, શહેરની સરખામણીમાં ગામમાં ડાયવોર્સનું પ્રમાણ પણ ઓછું છે.

રીમા, તું મારી સૌથી ક્લોઝ ફ્રેન્ડ છે. તને ખબર છે, કે હું જે કહું છું, એ તારા સુખ માટે કહું છું. હકીકતમાં તારે એ જ વિચારવાનું છે, કે તારે દુઃખી થવું છે ? કે સુખી થવું છે ?''

શ્રેયા જોઈ રહી છે. રીમા વિચારી રહી છે.

✺ ✺ ✺ ✺ ✺

---

**परलोकविरुद्धाणि कुर्वाणं दूरतस्त्यजेत्।**
**आत्मानं योऽतिसन्धत्ते सोऽन्यस्मै स्यात् कथं हितः ?॥**

**પરલોકમાં દુઃખી થવું પડે તેવા કામો જે કરે છે, એને દૂરથી જ તજી દેજે.**
**જે પોતાની જાતને ય છેતરે છે, એ બીજાનું ભલું ક્યાંથી કરશે ?**

---

**धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः ॥**

**જે ધર્મને ઠોકર મારે છે, એના જીવનમાં ઠોકરો જ બાકી રહે છે.**
**જે ધર્મની રક્ષા કરે છે, એની રક્ષા ખુદ ધર્મ કરે છે.**

---



## યાદ રાખજો

જ્યારે જીવનનો ખરો ખેલ ચાલુ થશે,
ત્યારે
વૉક સ્ટાઈલ કે ટૉક સ્ટાઈલ કામમાં નહીં આવે.
ફેર સ્કીન કે ફેર લુક કામમાં નહીં આવે.
વેલ્થ, ડિગ્રી કે પ્રેસ્ટીજ પણ નકામી બની જશે.
એ સમયે
મ્યુઝિયમ-પીસ જેવા પાત્રો
તમને દુઃખી દુઃખી-મહાદુઃખી કરી દેશે.
પ્લીઝ
તમારી જાત પર આવો જુલમ ન કરો.
કોઈ પાત્રને તમે પસંદ કરો,
એની પહેલા
પસંદગીના સાચા માપદંડને પસંદ કરી લેજો
બસ, ખરેખર તમારું જીવન સ્વર્ગ બની જશે.